Research Guru
Online Journal of Multidisciplinary Subjects (ISSN : 2349-266X)
www.researchguru.net
Volume-14, Issue-1, June-2020

# પ્રાથમિક શાળામાં નોકરી કરતી શિક્ષિકાઓનો અભ્યાસ

કીર્તિ સી. સોલંકી
રીસર્ચ સ્કોલર, સમાજ શાસ્ત્ર વિભાગ, ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ. મો. નં.- ૮૩૦૬૬૬૦૧૮૮
piyushpharma37@gmail.com

**પ્રસ્તાવના:-**

પરંપરાથી ભારતીય સમાજ એ પુરૂષપ્રધાન સમાજ છે. જેથી પરંપરાગત ભારતીય સમાજવ્યવસ્થામાં શ્રમવિભાજન સ્ત્રી અને પુરૂષની લૈંગિકતાને આધારે કરવામાં આવ્યું છે. પરંતુ સ્વતંત્રતા બાદ ભારતીય બંધારણનાં અનુચ્છેદ-૧૪ મુજબ સ્ત્રી-પુરૂષને સ્વતંત્રતા, સમાનતા અને બંધારણનાં મૂલ્યોનાં સંદર્ભમાં સમાનતાનો અધિકાર આપવામાં આવ્યો છે, વળી એકવીસમી સદી એ જ્ઞાનની સદી છે. માટે શિક્ષણ અને જ્ઞાનને પોતાનું હથિયાર બનાવીને વર્તમાન સમયની સ્ત્રીઓ શિક્ષણ, રમત-ગમત, વિજ્ઞાન, કલા, રાજનીતિ અને સાહિત્ય જેવાં દરેક ક્ષેત્રોમાં પુરૂષ સાથે કદમથી કદમ મિલાવી આગળ વધી રહી છે. વર્તમાન સમયમાં સ્ત્રી ઘરકામ, બાળઉછેર, અને કૌટુંબિક જવાબદારી નિભાવવાની સાથે-સાથે વિવિધ વ્યવસાયમાં જોડાઈને આર્થિક રીતે પગભેર બની છે. પોતાનાં વાત્સલ્ય અને મમતાનાં ગુણને કારણે શિક્ષણનું ક્ષેત્ર પસંદ કરીને શિક્ષિકા તરીકે કાર્ય કરવાનું પસંદ કરે છે. તેથી પ્રાથમિક શાળામાં નોકરી કરતી શિક્ષિકાઓ વિષેનાં કેટલાંક મુદ્દા પ્રસ્તુત અભ્યાસમાં રજૂ કરવામાં આવ્યાં છે.

**વિષય પસંદગી:-**

સંશોધન વિષયની પસંદગીએ સંશોધનનો પાયો છે. કોઈપણ પ્રકારનું સંશોધન કરતાં પહેલાં સંશોધન વિષયની પસંદગી ખૂબ જ અગત્યની બાબત છે. સંશોધન સંશોધકની રસ-રૂચિ, બુધ્ધિ અને આવડતને રજૂ કરે છે. પ્રસ્તુત અભ્યાસ પ્રાથમિક શાળામાં નોકરી કરતી શિક્ષિકાઓનાં સંદર્ભમાં છે. જેમાં પ્રાથમિક શાળામાં નોકરી કરતી શિક્ષિકાઓની આર્થિક સ્થિતિ કેવી છે? કુટુંબ ક્ષેત્રે,લગ્ન ક્ષેત્રે અને શિક્ષણ ક્ષેત્રે તેઓનાં દરજ્જામાં પરિવર્તન આવ્યું છે કે નહિ? અને જો આવ્યું છે, તો કેવું પરિવર્તન આવ્યું છે? વગેરે બાબતોને રજૂ કરવામાં આવેલ છે.

**સમસ્યા કથન:-**

"પ્રાથમિક શાળામાં નોકરી કરતી શિક્ષિકાઓનો અભ્યાસ"

**ચાવીરૂપ શબ્દો:-**

**પ્રાથમિક શાળા:-** ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ અપાતું હોય તેવી સરકારી પ્રાથમિક શાળા.

**નોકરી કરતી શિક્ષિકા:-** ધોરણ ૧ થી ૮ સુધીનું શિક્ષણ અપાતું હોય તેવી સરકારી પ્રાથમિક શાળા માં અધ્યાપન કાર્ય કરાવતી સ્ત્રી.

**અભ્યાસના હેતુઓ :-**

- શિક્ષિકાઓની આર્થિક બાબતો જાણવી.
- કુટુંબ ક્ષેત્રે શિક્ષિકાઓના દરજ્જામાં આવેલું પરિવર્તન જાણવું.
- લગ્ન ક્ષેત્રે શિક્ષિકાઓના દરજ્જામાં આવેલ પરિવર્તન જાણવું.
- શિક્ષણ ક્ષેત્રે શિક્ષિકાઓના દરજ્જામાં આવેલું પરિવર્તન જાણવું.

**માહિતી એકત્રીકરણની પ્રયુક્તિ:-**

પ્રસ્તુત અભ્યાસમાં માહિતી એકત્ર કરવા માટે ગૌણ માહિતીનો ઉપયોગ કરવામાં આવ્યો છે જેમાં પુસ્તકો, ગ્રંથાલય, અગાઉ થયેલા સંશોધનો અને ઈન્ટરનેટનો ઉપયોગ માહિતી મેળવવા માટે કરવામાં આવ્યો છે.

**તારણો:-**

- નોકરીના કારણે શિક્ષિકાઓમાં આર્થિક સ્વાવલંબન જોવા મળે છે.
- ઉત્તરદાતાઓની આર્થિક સ્થિતિ સારી છે. મોટાભાગના ઉત્તરદાતાઓની વાર્ષિક આવક બે લાખથી વધુ છે.

- દરેક ઉત્તરદાતાઓ પોતાની માલિકીનું પાકું મકાન ધરાવે છે.
- દરેક ઉત્તરદાતા પાસે ટીવી, ફ્રીજ, વી.સી.ડી., વાહન, રેડિયો અને મોબાઈલ જેવા સગવડતાના સાધનો છે.
- દરેક ઉત્તરદાતા આર્થિક જરૂરિયાત માટે નોકરી કરે છે અને બેન્કમાં બચત પણ કરે છે.
- મોટાભાગના ઉત્તરદાતાઓએ દેવું કરેલ નથી.
- નોકરીના કારણે આર્થિક સ્થિતિ સારી છે, તેવું મોટાભાગના ઉત્તરદાતાઓ માને છે.
- પ્રસ્તુત અભ્યાસમાં આધુનિક વિચારસરણી અને શિક્ષણનાં પરિણામે અભ્યાસ હેઠળના શિક્ષિકાઓમાં પુત્ર-પુત્રીના ભેદભાવના પરંપરાગત વલણોમાં સ્પષ્ટ પરિવર્તન દેખાય છે. તેઓ પુત્ર અને પુત્રી વચ્ચે ભેદભાવ રાખ્યા વગર સમાન રીતે ઉછેર કરે છે.
- કુટુંબમાં પત્ની તરીકેનાં સ્થાનમાં પતિ પોતાની પત્નીને માન આપે છે.
- કૌટુંબિક નિર્ણયો લેવામાં સ્ત્રી ભાગીદાર બને છે.
- પતિ-પત્ની વચ્ચેના સંબંધો પણ મિત્રતાપૂર્ણ બન્યા છે.
- આર્થિક સધ્ધરતાનાં કારણે કૌટુંબિક નિર્ણયોમાં ભાગીદારી વધી છે.
- કૌટુંબિક તથા ઘરના કાર્યોમાં સ્ત્રીઓને તેઓના પતિની મદદ મળે છે અને સહકાર પ્રાપ્ત થતો જોવા મળે છે.
- કુટુંબોમાં વિભક્ત કુટુંબનું પ્રમાણ વધ્યું છે.
- કુટુંબમાં પુત્રવધૂની આવડત અને શિક્ષણ જેવી બાબતોમાં કુટુંબીજનો ગૌરવ લેતા થયા છે.
- પરંપરાગત સમાજની તુલનામાં વર્તમાન સમયમાં લગ્ન ક્ષેત્રે દરજ્જામાં પરિવર્તન આવેલું જોવા મળે છે. લગ્નની વય ઉંચી ગઈ છે.
- લગ્ન માટેના પાત્રની પસંદગીમાં ઉત્તરદાતાઓ પાસે તેઓનો અભિપ્રાય પૂછવામાં આવ્યો હતો, તેમ છતાં મોટાભાગના ઉત્તરદાતા માને છે કે લગ્નની બાબતમાં સ્ત્રીઓને સંપૂર્ણ સ્વતંત્રતા આપવામાં આવતી નથી.
- લગ્ન માટેના પાત્રની પસંદગીમાં કુટુંબનો દરજ્જો અને પ્રતિષ્ઠાનું સ્થાન આર્થિક સ્થિતિએ લીધું છે.
- ઉત્તરદાતાઓ માને છે કે વર્તમાન સમયમાં સ્ત્રીઓના શૈક્ષણિક દરજ્જામાં અને સ્ત્રી શિક્ષણ અંગેના વલણમાં પરિવર્તન આવ્યું છે.
- નોકરી કરતી સ્ત્રીઓ ઘર બહારની પ્રવૃત્તિઓમાં ભાગ લેતી થઇ છે, જેથી પુરુષપ્રધાન સમાજમાં પણ સ્ત્રીઓનો મોભો ઊંચો આવ્યો છે.
- શિક્ષણને કારણે ધાર્મિક અંધશ્રદ્ધાઓ અને વહેમનું પ્રમાણ ઘટતું જોવા મળે છે.
- શિક્ષિત હોવાના કારણે બાળકના ઉછેર, શિક્ષણ, વસ્તુ ખરીદી વગેરે બાબતોમાં પોતાનો નિર્ણય જણાવી શકે છે.
- પોતે શિક્ષિત હોવાના કારણે શિક્ષિકાઓ પોતાના બાળકોના શિક્ષણ પ્રત્યે ધ્યાન આપે છે અને તેઓના બાળકો પણ સારું શિક્ષણ મેળવે તેવું ઈચ્છે છે.

**સંદર્ભગ્રંથ સૂચી :-**


1. શાહ, કલ્પના ડૉ. (૧૯૯૭) : “સ્ત્રીઓનો બદલાતો દરજ્જો અને ભૂમિકા”, અમદાવાદ, યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ.

2. મકવાણા, રમેશ ડૉ. (૨૦૦૦) : "એકવીસમી સદીમાં મહિલાઓ નું સ્થાન અને ભૂમિકા", અમદાવાદ, પાર્શ્વ પબ્લિકેશન.
3. ગામીત, પ્રિયંકા ડી. (૨૦૧૦-૧૧) : "પ્રાથમિક શાળાની આદિવાસી શિક્ષિકાઓનો અભ્યાસ", અમદાવાદ, ગૂજરાત વિદ્યાપીઠ.
4. ઠાકર, પૂજા : "ઉચ્ચ માધ્યમિક શાળાની શિક્ષિકાઓ - એક સમાજશાસ્ત્રીય અભ્યાસ", shodhganga.inflibnet.ac.in
5. પરમાર, કુ. હેલ્મિટા વાય. (૧૯૯૫) : "અમદાવાદ શહેરના પ્રાથમિક શાળાના શિક્ષિકાઓના વ્યવસાયિક સંતોષનો અભ્યાસ", અમદાવાદ, ગૂજરાત વિદ્યાપીઠ.